# કેબિનેટની ફેરરચના પહેલા વડાપ્રધાનની રાષ્ટ્રપતિ સાથે ચર્ચા

નવી દિલ્હી, તા. ૧૬

કેન્દ્રિય કેબિનેટમાં ધરખમ ફેરફાર કરવાનો તખ્તો સંપૂર્ણપણે ગોઠવાઈ ગયો છે. આના માટે છેલ્લા તબક્કાની વાતચીત જારી છે. વાતચીતના દોર વચ્ચે આજે વડાપ્રધાન મનમોહનસિંહ અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને મળ્યા હતા. વાતચીત દરમિયાન આ મુદ્દે ચર્ચા થઈ હોવાના અહેવાલ મળ્યા છે. બન્ને નેતાઓ જુદી જુદી રીતે પ્રણવ મુખરજીને મળ્યા હતા. સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે વડાપ્રધાન આજે બપોરમાં રાષ્ટ્રપતિને મળ્યા હતા. બન્ને નેતાઓ વચ્ચે આશરે એક કલાક સુધી વાતચીત ચાલી હતી. ત્યારબાદ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી સાંજે તેમને મળ્યા હતા. તેમની વચ્ચે આશરે ૪૦ મિનિટ સુધી વાતચીત ચાલી હતી. બન્ને નેતાઓની જુદી જુદી વાતચીત દરિયાન ક્યાં મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી તે સંબંધમાં રાષ્ટ્રપતિ ભવન દ્વારા કોઈ માહિતી આપવામાં આવી નથી. પરંતુ એવુ જાણવા મળ્યું છે કે કેન્દ્રિય કેબિનેટમાં ફેરફારના મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. છેલ્લા કેટલાક દિવસથી ફેરફારને લઈને વાતચીતનો દોર ચાલી રહ્યો છે. કેન્દ્રિય કેબિનેટમાં ફેરફરા શુક્રવાર પહેલા કરવામાં આવે તેવી શક્યતા છે. અહેવા અહેવાલ મળ્યા ચે કે રાહુલ ગાંધી પણ આવતાકાલે રાષ્ટ્રપતિને મળનાર છે. કેબિનેટમાં હાલ કેટલાક હોદ્દા ખાલી છે. કેટલાક ખાતાઓ એક



પ્રધાન ધરાવે છે. કેટલાક વરિષ્ઠ પ્રધાનો પાસેથી ખાતાઓ લઈને સંગઠનને મજબુત કરવા માટે મોકલવામાં આવે તેવી શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં સરકારે કેટલાક કઠોર આર્થિક નિર્ણય લીધા છે. જેમાં ડીઝલની કિંમતમાં ભાવ વધારો સામેલ છે. ઉપરાંત સિલિન્ડરની સંખ્યા એક પરિવારને વાર્ષિક મર્યાદિત કરીને છ કરી દેવામાં આવી છે. રીટેલમાં એફડીઆઈને પણ મંજૂરી આપવામાં આવી છે. આવી સ્થિતીમાં મમતા બેનર્જીના સભ્યો સરકાર સાથે છેડો ફાડી ચુક્યા છે. જેથી મંત્રાલય ખાલી થયા છે.

કેન્દ્રિય કેબિનેટના કેટલાક પ્રધાનો હાલ તીવ્ર આક્ષેપોનો સામનો કરી રહ્યા છે. સરકાર ભ્રષ્ટાચાર સહિત જુદા જુદા કોંભાડોના કારણે હાલ વિવાદના ઘેરામાં છે. ચારે બાજુ તેની ટિકા તઈ રહી છે. આવી સ્થિતીમાં કેબિનેટમાં ફેરફરા કરીને કેટલાક નવા ચહેરાને પણ તક આપવાની યોજના બનાવી લેવામાં આવી છે.યુપીએ સરકાર કોલસા કાંડ સપાટી પર આવ્યા બાદથી મુશ્કેલીમાં છે. કેગે તેના અહેવાલામાં જણાવ્યું હતું કે કોલસા બ્લોકની ફાળવણી મામલે ઉદાસીનતા અને ગેરતિતીના કારણે સરકારને મોટો ફટકો પડ્યો હતો. યુપીએ સરકાર પર ભાજપ અને અન્ય પક્ષો દ્વારા કેગના અહેવાલ બાદ જોરદાર દબાણ લાવવામાંવ્યું હતું. અનેક દિવસ સુધી સંસદની કામગીરી ચાલી શકી ન હતી. સંસદની કામગારી ખોરવાઈ ગયા બાદ વડાપ્રધાનને કેટલાક ખુલાસા કરવાની ફરજ પડી હતી.

ભાજપ સહિતના વિરોધ પક્ષોએ વડાપ્રધાનના રાજીનામાની માંગ કરી હતી. હજુ પણ કોલસા કાંડ અને ટુજી કાંડના કારણે સરકારની હાલત કફોડી બનેલી છે. હિમાચલ પ્રદેશ અને ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટે કાર્યક્રમ જાહેર થઈ ચુક્યો છે ત્યારે આ મામલા કોંગ્રેસ માટે મુશ્કેલી સર્જી શકે છે. ભાવ વધારાના મુદ્દે પણ સરકારની ટિકા થઈ રહી છે.

# સૈફ અલી અને કરીના કપુર અંતે એકબીજાના થઇ ગયા

મુંબઇ,તા. ૧૬

સૈફ અલી ખાન અને કરીના કપુર આખરે આજે એકબીજાના થઈ ગયા હતા. છેલ્લા કેટલાક દિવસથી તેમના લગ્નને લઈને ભારે સસ્પેન્સનીસ્થિતી જોવા મળી રહી હતી. પરંતુ આજે સસ્પેન્સનો અંત આવ્યો હતો. પાંચ વર્ષના લાંબા ગાળા સુધી એકબીજાના પ્રેમમાં રહ્યા બાદ બન્નેએ લગ્ન કરી લીધા હતા. બન્ને લગ્ન કર્યા બાદ ભારે ખુશ દેખાઈ રહ્યા હતા. બન્નેએ ચાહકોનો આભાર પણ ઝીલ્યો હતો. કરીના કપુર અને સૈફ અલી ખાનના મંગળવારે બપોરે લગ્ન થઈ ગયા હતા. બાન્દ્રા સ્થિત ફેમિલી કોર્ટમાં લગ્ન થયા હતા. સુત્રોના જણાવ્યા મુજબ સૈફ અને કરીના કપુરના સવારે ૧૧.૩૦ અને ૧૨ વાગ્યા વચ્ચે લગ્ન થયા હતા. સૈફ અને કરીનાએ પતિ પત્નિ તરીકે લગ્ન કર્યા બાદ ફોટો પણ પડાવ્યો હતો. એકબાજુ સૈફ ગ્રીન કુર્તામાં નજરે પડ્યો હતો. જ્યારે કરીના ગ્રીન સલવાર કુર્તામાં નજરે પડી હતી. જેના પર લેડ દુપટ્ટામાં તે ખુબ ખુબસુરત દેખાઈ રહી હતી. કરીનાએ લગ્ન પ્રસંગે ખુબ ઓછા દાગીના પહેર્યા હતા. કરીના કપુરે



તેના વાળ પર ખુલ્લા રાખ્યા હતા. સાંજે પરંપરાગત રીતે લગ્ન થયા હતા પહેલા કોર્ટ લગ્ન થયા હતા. લગ્નમાં જે લોકો સાક્ષી હતા તેમાં કરીનાની બહેન કરિશ્મા કપુરનો સમાવેશ થાય છે.

કરીશ્માની સાથે ત્રણ પ્રાથમિક સાક્ષી પણ હતા. જેમાં કરીનાના માતા પિતા રણધીર કપુર અને બબીતાનો સમાવેશ થાય છે. ઉપરાંત સૈફ અલીના માતા અને વિતેલા વર્ષોની સ્ટાર અભિનેત્રી શર્મિલા ટાગોર પણ હાજર રહી હતી. બન્નેના ખ્રિસ્તી રીતે પણ લગ્ન થયા છે. કારણ કે બબીતા ખ્રિસ્તી દર્મ પાળે છે. શાહી લગ્નને કવર કરવા માટે સવારથી મિડિયામાં ભારે ઉત્સુકતા હતી. કરીશ્મા કપુર વિશેષ રીતે છવાયેલી રહી હતી. સૈફના નિવાસસ્થાનમાં પ્રવેશ કરવા માટે તેની કારમાંથી કરીશ્મા અગાઉ નીચે ઉતરી હતી. ફોર્ચ્યુન હાઈટમાં અન્ય કાર્યક્રમો યોજાયા હતા. લગ્ન બાદ સાંજે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નિકાહની વિધી ૧૭મી ઓક્ટોબરે એટલે કે આવતીકાલે સૈફના પ્રાચીન મહેલ ખાતે યોજાશે. ત્યારબાદ ૧૮મી ઓક્ટોબરના દિવસે દિલ્હીમાં પણ ભવ્ય રિસિપ્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

# નોકર તરીકે કામ કરતા બધા બાળકોને સ્કૂલમાં જ મોકલો

નવી દિલ્હી,તા.૧૬

સુપ્રીમ કોર્ટે એક અતિ મહત્વપૂર્ણ ચુકાદો આપતા જણાવ્યું છે કે નોકર તરીકે કામ કરતા ૧૪ વર્ષથી નીચેની વયના તમામ બાળકોને સ્કૂલ મોકલવામાં આવે તે જરૂરી છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારોને આ દિશામાં આગળ વધવા નોકર તરીકે અથવા તો જુદા જુદા કામોમાં રોકાયેલા ૧૪ વર્ષથી નીચેની વયના બાળકોને શોધી કાઢવા દેશ વ્યાપી ઝુંબેશ હાથ ધરવા સૂચના આપી છે.



આવા બાળકોને ઓળખી કાઢવા માટે કડક આદેશ કર્યો છે. મફત અને ફરજિયાત શિક્ષણ માટે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટને અમલી બનાવવા માટે આ સૂચના અપાઈ છે. કોર્ટે કહ્યું છે કે એક બાજુ આરટીઈ એક્ટમાં ફરજિયાત મફત શિક્ષણની વાત કરવામાં આવી છે. ૧૪ વર્ષથી નીચેના બાળકો માટે ફરજિયાત શિક્ષણ રાખવામાં આવ્યું છે. ધોરણ ૮ સુધીની આ વ્યવસ્થા રાખવામાં આવી છે. બીજી બાજુ ઘણા બાળકો હજુ પણ શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં નોકર તરીકે કામ કરી રહ્યા છે.

સુપ્રીમ કોર્ટના આ ચુકાદાને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. જસ્ટિસ કે એસ રાધાકૃષ્ણન અને દિપક મિશ્રાની બનેલી બેંચે કહ્યું છે કે મોટી સંખ્યામાં બાળકો શહેરી વિસ્તારો, ગ્રામીણ વિસ્તારોમાં નોકર તરીકે કામ કરી રહ્યા છે અને સ્કૂલ જવાની તેમની તકો દેખાઈ રહી નથી. ધોરણ ૧થી ૮ સુધીનું શિક્ષણ ફરજિયાત બનાવવામાં આવ્યું હોવા છતાં આ સ્થિતિ પ્રવર્તી રહી છે. આવા બાળકોને ઓળખી કાઢવા પંચાયતો અને સ્થાનિક સંસ્થાઓને આદેશ કરવામાં આવ્યો છે. આવા બાળકોને યોગ્ય શિક્ષણ મળે તે અતિ જરૂરી છે. દેશ તરફથી ચુકાદો લખતા જસ્ટિસ રાધાકૃષ્ણને કહ્યું છે કે ઘણા ઘરોમાં બાળકોને સ્કૂલ શિક્ષણ માટે મોકલવામાં આવતા નથી. એનજીઓ દ્વારા રજૂ કરવામાં આવેલી અરજીનો નિકાલ લાવતા સુપ્રીમ કોર્ટે ઘણી બધી બાબતોનો ખુલાસો કર્યો હતો. બેંચે કહ્યું હતું કે ૩૦મી જૂન ૨૦૧૧ના આંકડા દર્શાવે છે કે એનએચઆરસીમાં આશરે એક લાખ બોન્ડેડ મજૂરોને આવરી લેતા ૨૭૮૦ કેસ છે.

## સોનાના ભાવમાં ૨૦૦, ચાંદીમાં ૪૦૦નો ઘટાડો

અમદાવાદ, તા. ૧૬

વૈશ્વિક બજારોમાં જોવા મળી રહેલ નરમાશના કારણે અમદાવાદ સોના-ચાંદી બજારમાં મંગળવારે જંગી કડાકો નોંધાયો હતો. મંગળવારના કારોબારમાં ત્રણેય ધાતુઓના ભાવોમાં નેગેટીવ કારોબાર જોવા મળ્યો હતો. અને ત્રણેય ધાતુઓના ભાવમાં જંગી કડાકા નોંધાયા હતા. સર્વપ્રથમ સોનાની વાત કરીએ તો મંગળવારે સોનાની ખરીદીમાં નિરસતા જોવા મળી હતી. અને દિવસના કારોબારનાં અંતે ૧૦ ગ્રામ સોનાના ભાવમાં રૂપિયા ૨૦૦નો કડાકો નોંધાયો હતો. જેનાં લીધે અમદાવાદ માર્કેટમાં સોનાના ભાવ રૂપિયા ૨૦૦નો કડાકો નોંધાયો હતો. જેનાં લીધે અમદાવાદ માર્કેટમાં સોનાના ભાવ રૂપિયા ૩૧૨૦૦થી ૩૧૩૦૦ની સપાટી ઉપર બંધ રહ્યા હતા. જે સોમવારે રૂપિયા ૩૧૪૦૦ થી ૩૧૫૦૦ની સપાટી ઉપર સ્થિર હતા. ઉલ્લેખનીય છે કે સોનાની આજે છેલ્લા બે મહિનાની આ નીચી સપાટી મંગળવારે નોંધાઈ હતી. જ્યારે મંગળવારે કારોબારના અંતે અમદાવાદ માર્કેટમાં પ્રતિકિલોગ્રામ ચાંદીના ભાવમાં રૂપિયા ૪૦૦નો કડાકો નોંધાયો હતો. જેનાં કારણે ચાંદીનાં ભાવ રૂપિયા ૫૮૮૦૦થી ૫૯૩૦૦ની નીચી સપાટી ઉપર બંધ રહ્યા હતા. જે સોમવારે રૂપિયા ૫૯૨૦૦ થી ૫૯૭૦૦ની સપાટી ઉપર બંધ હતા.જ્યારે ચાંદીમાં કડાકાના પગલે પ્રતિકિલોગ્રામ રૂપાના ભાવમાં પણ રૂપિયા ૪૦૦નો કડાકો નોંધાયો હતો. અને રૂપાના ભાવ રૂપિયા ૫૮૬૦૦ થી ૫૯૧૦૦ની સપાટી ઉપર સ્થિર રહ્યા હતા. જે સોમવારે રૂપિયા ૫૯૦૦૦ થી ૫૯૫૦૦ની સપાટી ઉપર બંધ હતા. આમ નવરાત્રિની શરૂઆતમાં જ અમદાવાદ સોના-ચાંદી બજારને જંગી આંચકો નોંધાયો છે. જેના કારણે રોકાણકારોમાં નિરાશા વ્યાપી ગઈ છે.

# અદાણીના સ્પેશિયલ ઇકોનોમિક ઝોનને રદ કરવા નિર્ણય

નવી દિલ્હી, તા. ૧૬

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના માનીતા ગણાતા અદાણી જૂથને આજે મોટો ફટકો લાગ્યો હતો. કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુપીએ સરકારે અદાણી જૂથની ૧૮૪૦ હેક્ટરમાં વિસ્તરેલા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન (સેઝ)ને રદ કરી હોવાનો આજે નિર્ણય કર્યો હતો. પાકિસ્તાનની સરહદે આવેલા ગુજરાતના સીમાવતી કચ્છ જિલ્લાના મુંદ્રામાં અદાણીનો સેઝ આવેલો છે. નિયમોના ભંગ બદલ સમગ્ર સેઝ રદ કરવાનો કેન્દ્ર સરકારે આજે નિર્ણય કર્યો હતો. ત્રણ નિયમોના ઉલ્લંઘન બદલ અદાણી જૂથનો સેઝ રદ કરાયો છે. સેઝ રદ થવાનું મુખ્ય કારણ જમીન ટુકડાઓમાં હોવાનું મનાય છે. આ સિવાય મંજૂરી વગર બાંધકામ અને સેઝની ચારેબાજુ જમીનથી ઘેરાયેલી હોવાનું પણ કારણ



રદ થવા પાછળ મનાય છે. બીજી બાજુ અદાણી જૂથે કોઈપણ નિયમોનો ભંગ કર્યાનો ઈનકાર કર્યો છે. દરમ્યાન ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીનો માહોલ દિન-પ્રતિદિન ગરજાઈ રહ્યો છે ત્યારે મુખ્યમંત્રી મોદી માનીતા ઉદ્યોગપતિ અદાણી જૂથનો સેઝ રદ કરી કેન્દ્ર સરકારે ચૂંટણીમાં નવો મુદ્દો તેમને આપ્યો હોવાનું રાજકીય પંડિતો માની રહ્યા છે. જ્યારે અમુક વિશ્લેષકો કેન્દ્રના નિર્ણયને મોદીને ઝટકો આપ્યાનું માને છે. સૂત્રોના જણાવ્યા મુજબ પ્રોજેક્ટ ૧૦૦૦૦ હેક્ટર જમીનમાં વિસ્તરેલો છે. જેમાંથી ૬૫૦૦ હેક્ટર જમીનને સેઝનો દરજ્જો મળેલો છે. ગઈકાલે કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી આનંદ શર્માએ સેઝ રદ કરવાની નોંધ પર સહી કરી હતી. જેના લીધે આજે તેના શેરમાં પણ કડાકો બોલાઈ ગયો હતો. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવી ચુક્યો છે ત્યારે આ મામલે પણ જોરદાર રાજકીય ગરમી જામે તેવી શક્યતા છે. આજે નિર્ણય કરવામાં આવ્યા બાદ મુંબઈ સ્ટોક એક્સચેંજમાં અદાણીના શેરમાં ભારે ઘડાકો જોવા મળ્યો હતો. કોંગ્રેસની સરકારે કોઈ નક્કર કારણો આપ્યા નથી પરંતુ કારણો કેટલાક દેખાઈ આવ્યા છે. જો કે અદાણી ગ્રુપ તોન વલણ પર મક્કમ છે.

# મારૂતિ સુઝુકી ઇન્ડિયાએ આજે તેની સૌથી વધુ વેચાતી કાર અલ્ટોની નવી આવૃતિ લોંચ કરી

નવી દિલ્હી,તા.૧૬

જેની બજારમાં ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે દેશની સૌથી મોટી કાર બંનવતી કંપની મારૂતિ સુઝુકી ઈન્ડિયાએ આજે તેની સૌથી વધુ વેચાતી કાર અલ્ટોના નવી આવૃતિ લોંચ કરી દીધી હતી. મારૂતિ અલ્ટો આખરે બજારમાં લોંચ કરી દેવામાં આવી હતી. આ કારની કિંમત ૨.૪૪ લાખથી ૩.૫૬ લાખની વચ્ચે રહેશે. મારૂતિએ નવી કાર બજારમાં મુક્યા બાદ કાર બજારમાં ગ્રાહકોને વધારે વિકલ્પ મળશે. બજારમાં હાલ ખુબ જટિલ સ્થિતી પ્રવર્તી રહી છે. એકબાજુ વ્યાજ દર ખુબ ઉંચા છે ત્યારે બજારમાં પણ મંદી પ્રવર્તી રહી છે. પેટ્રોલની કારની હાલત હાલમાં કફોડી બનેલી છે. મારૂતિ અલ્ટો ૮૦૦ નામથી નવી કાર લોંચ કરવામાં આવી છે. નવી અલ્ટોની પેટ્રોલ કારની કિંમત ૨.૪૪ લાખથી શરૂ થશે અને તેની કિંમત ૨.૯૯ લાખ રૂપિયા સુધી જશે. ફયુઅલ ઈફિએન્સી ૨૨.૭૪ કિલોમીટર પ્રતિ કલાક દર્શાવવામાં આવી છે. જ્યારે સીએનજી કારની કિંમત ૩.૧૯ લાખ રૂપિયાથી ૩.૫૬ લાખ રૂપિયા રહેશે. તેની ફયુઅલ ઈફિઅન્સી ૩૦.૪૬ કિલોમીટર પ્રતિ





કિલો દર્શાવવામાં ાવી છે. મારૂતિ સુઝુકી ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શિન્ઝો નાકાનિશીએ દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત કરતા આ મુજબની વાત કરી હતી. તેમણે વધુમાં કહ્યું હતું કે સુઝુકીં ટર્સ કોર્પોરેશન અને મારૂતિ સુઝુકીના આશરે ૨૦૦એન્જિનિયરો દ્વારા આ કાર તૈયાર કરવામાં આવી છે. સપ્ટેમ્બરના અંતથી આ કાર માટે બુકિંગની પ્રક્રિયા શરૂ થઈ હતી.લોંચ પહેલા જ આ કાર માટે ૧૦૦૦૦ બુકિંગ થઈ ગયું છે.

તેમણે કહ્યું હતું કે અલ્ટો સૌથી પહેલા સપ્ટેમ્બર ૨૦૦૦માં લોંચ કરવામાં આવી હતી. હજુ સુધી આ કારનું વેચાણ ૨૦ લાખ યુનિટની આસપાસ રહ્યું છે. નવી કારને લઈને પણ મારૂતિના અધિકારીઓ ખુબ આશાવાદી છે. તાતા નેનો અને હુન્ડાઈ ઈઓન સામે મારતિની નવી કાર મારતિ અલ્ટો ૮૦૦ જોરદાર સ્પર્ધામાં ઉતરનાર છે.

## મધ્ય પ્રદેશમાં બસ અને ટ્રક ટકરાતાં ૧૬ના કરુણ મોત

છતરપુર,તા.૧૬

મધ્ય પ્રદેશના છતરપુર જિલ્લા હેડકવાર્ટરથી ૧૬ કિલોમીટરના અંતરે સ્થિત નવ ગામ માર્ગ ઉપર આજે સવારે એક યાત્રી બસ અને ટ્રક સામસામે અથડાઈ જતાં ઓછામાં ઓછા ૧૬ લોકોના મોત થયા છે અને અન્ય ૧૮ લોકો ઘાયલ થયા છે. ઘાયલ થયેલાઓ પૈકી કેટલાકની હાલત ગંભીર જાણવામાં આવી છે. પોલીસ સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે ઘાયલ થયેલા તમામ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પ્રાથમિક માહિતી આપતા પોલીસે કહ્યું છે કે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરાયેલા ઈજાગ્રસ્તો પૈકી ત્રણની હાલત ગંભીર જણાવવામાં આવી છે. દુર્ઘટના એટલી પ્રચંડ હતી કે આશરે એક ડઝન લોકોના મોત ઘટના સ્થળે જ થઈ ગયા હતા. જ્યારે બાકીના લોકોએ હોસ્પિટલ લઈ જતી વેળા દમ તોડ્યો હતો. હોસ્પિટલ સંકુલમાં ભારે અફડા તફડી જોવા મળી હતી.

# હવે તેંડૂલકરને ઓર્ડર ઑફ ઓસ્ટ્રેલિયાનુ સન્માન મળશે

નવી દિલ્હી, તા. ૧૬

માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડૂલકરને યશકલગીમાં વધુ એક મોરપીંછ ઉમેરવા જઈ રહ્યું છે. ક્રિકેટ લીજેન્ડ સચિન તેંડૂલકરને ઓર્ડર ઓફ ઓસ્ટ્રેલિયાના સન્માનથી નવાજવામાં આવશે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન જુલીયા ગિલાર્ડે સચિન તેંડૂલકરને ઓર્ડર ઓફ ઓસ્ટ્રેલિયાની માનદ સભ્યપદ આપવાની જાહેરાત કરી હતી. બિન ઓસ્ટ્રેલિયન નાગરિકને આ સન્માનથી ભાગ્યે જ નવાજવામાં આવ્યા છે. સચિન તેંડૂલકરને વધુ સન્માન મળવાની જાહેરાતથી ક્રિકેટ ચાહકોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે. જ્યારે બીજી બાજુ ઓસ્ટ્રેલિયન નાગરિકોએ રોષ વ્યક્ત કર્યો છે. હાલ દક્ષિણ આફ્રિકામાં ચેમ્પિયન્સ લીગ ટી-૨૦ સ્પર્ધા રમી રહેલો સચિન તેંડૂલકર આ સન્માન મેળવનાર માત્ર બીજો ભારતીય હશે. અગાઉ પૂર્વ એટર્ની જનરલ સોલી સોરાબજીને આ સન્માન અપાયું છે. જ્યારે આ સન્માન મેળવનાર ત્રીજો બિન ઓસ્ટ્રેલિયન ક્રિકેટર પણ સચિન જ છે. સોરાબજીને ૨૦૦૬માં દ્વિપક્ષીય કાનૂની સંબંધો માટે આ સન્માનથી નવાજવામાં આવ્યા હતા. ભારતના પ્રવાસે આવેલા ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન જૂલિયા ગિલાર્ડે એ કહ્યું હતું કે, ઓસ્ટ્રેલિયા અને ભારત વચ્ચે સંબંધો મજબૂત બનાવવામાં ક્રિકેટની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. બંને દેશો ક્રિકેટના દીવાના છે. મને ખુશી થઈ રહી છે કે અમે સચિનને ઓર્ડર ઓફ ઓસ્ટ્રેલિયાનું સભ્યપદ આપવા જઈ રહ્યા છીએ. તેમણે કહ્યું હતું કે, આ એનું ખાસ સન્માન છે. આ એવા વ્યક્તિને ઘણો ઓછો અપાય છે કે જે ઓસ્ટ્રેલિયન નાગરિક અથવા ઓસ્ટ્રેલિયન ન હોય. ઓસ્ટ્રેલિયાના કેબિનેટ મંત્રી સાઈમન ક્રીન તેમની ભારત મુલાકાત દરમિયાન સચિનને સન્માનીત કરશે. ૧૯૮૫માં વિન્ડીઝના લેજન્ડ સુકાની કલાઈવ લોઈડને આ સન્માન અપાયું હતું.જમણેરી બેટ્સમેન સચિનને શ્રેષ્ઠ બેટ્સમેન માનવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦૦ સદી બનાવનાર એક માત્ર બેટ્સમેન છે. અત્યાર સુધી ૧૦૯ ટેસ્ટ મેચમાં ૧૫૫૩૩ અને ૪૬૩ વન-ડેમાં ૧૮૪૨૬ રન કર્યા છે.

# સમાચાર ઝલક

- છેડતીના આરોપમાં રાનુ મુખરજીના ભાઇની ધરપકડ.
- વિમાનયાત્રા મોંઘી, ભાડામાં ૧૦ થી ૧૫ ટકાનો જંગી વધારો.
- ગુજરાતમાં ૧૦ થી વધારે રાજકીય પક્ષો મેદાનમાં ઝંપલાવશે.
- ફુગાવો વધ્યો, વ્યાજદર ઘટવાની આશા નહિવત.
- સરકારી અધિકારીનું આઇ.ટી.રીટર્ન સર્વિસ રેકોર્ડ માહિતીના અધિકાર હેઠળ નહીં.
- સૂરતમાં ઓરી રસીકરણ બાદ ૧૬ વિદ્યાર્થીઓનું આરોગ્ય બગડ્યું.
- ડોક્ટરી સારવાર પ્રિસ્ક્રીપ્શન ગ્રાહકોના હિતમાં અનિવાર્ય છે.
- સૈફ અને કરીનાના આજે નિકાહ, બોલીવુડનું હોટ કપલ રોમાંચિત.
- ગુજરાતમાં મગફળીનો પાક ૪.૭૫ લાખ ટન થવાનો અંદાજ.
- ૩૯ કિ.મી.ની ઊંચાઇએથી છલાંગ મારવામાં ફેલિક્સ સફળ.
- અલંગ ચાર દિવસથી સજ્જડ બંધ, કરોડોનું નુકશાન.
- હરિયાણા બન્યું રેપ કેપિટલ, એક જ મહિનામાં રેપનાં ૧૯ બનાવો.
- સૌરાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર વખતે જોરદાર લગ્નગાળો.
- આચારસંહિતાના નામે વેપારીઓને હેરાનગતિ - વેપારીઓ લાલઘૂમ.
- નવરાત્રીના પગલે ગુજરાત પોલીસતંત્ર એલર્ટ.
- મંદીની અસર પુરી થવાનો મોન્ટેકસિંહનો સૂર, ૬ માસમાં અર્થતંત્ર પાટા પર આવશે.
- પોરબંદરમાં શિક્ષણ માટે પુત્રની સ્મૃતિમાં એક કરોડ રૂપિયા ફાળવતાં પિતા.
- શક્તિની ઉપાસના કરી સંકટો પાર પાડીએ : મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી.

## Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

નવરાત્રીમાં યુવાનો સાથે જતી યુવતીઓનાં માતા-પિતા માટે નવરાત્રીની રાતો પણ ઉજાગરાની હોય છે. જયાં સુધી છોકરીઓ પોતાની જાતે વાહન ચલાવતી ન થાય ત્યાં સુધી માતા-પિતા કે ભાઇ-બહેન સાથે રહેવાનું પસંદ કરે છે. પરંતુ જયાં સ્વતંત્રતા મળે કે સ્વચ્છંદતા પણ આપોઆપ મેળવી લેતી યુવતીઓ પોતાની મર્યાદા જાતે આંકી લેવાની જરૂર છે... વસ્ત્રાહરણ બાદ કૃષ્ણને બૂમો પાડવાં કરતાં બને ત્યાં સુધી એવાં વસ્ત્રો પહેરો કે દુર્યોધન - દુઃશાસનની નજર જ તમારાં સામે ના પડે, તમારાથી કોઇ આકર્ષાય કે ઉત્તેજિત થાય તો તમારૂં જ નુકશાન થશે, એવું મન પર કોતરી રાખવું!!

સેકન્ડ હેન્ડ જવાની કે હલકટ જવાની જેવા લટકાં - ઝટકાં - નખરાં પડદાં પર થતાં હોય છે એની નકલ ના કરાય... બેકલેસ પહેરીને જતી રબારણ તરફ કોઇનુંય ધ્યાન નહીં જાય, પરંતુ બેકલેસ પહેરીને નીકળતી કોલેજ કન્યા તરફ ચોક્કસ બધાની નજર મંડાવાની જ!! ક્યારેક તો ઘરમાંથી વ્યવસ્થિત તૈયાર થઇ નીકળતી યુવતીને જો માતા-પિતા અચાનક રાસ-ગરબામાં ગૂમતી જૂએ તો કદાચ નવા જ રંગરૂપમાં જોવા મળે. માતા-પિતાની નજર ચૂકવીને થતાં નજારાને આડો હાથ આપીને કોણ રોકવાનું છે? યુવાનોને જો તમે ઓફરીંગ અદામાં નખરાં કરશો તો પગપર કુહાડા મારવાનું જ કામ થશે. દરેકે પોતાનાં જ લક્ષ્મણ બનીને પોતાની રક્ષા કરવાની છે. જયાં યુવતીઓ જ સમર્પિત થવાની તૈયારી સાથે લક્ષ્મણ રેખાની બહાર નીકળે, તો રાવણનો શો દોષ? તેના બદલે આવો, નવેસરથી નવરાત્રીને ખરા અર્થમાં નવલી બનાવીએ...

ઘરની આસપાસ કે એવો પાર્ટી પ્લોટ જ્યાં માતા-પિતા કે ભાઇ-બહેન સાથે જઇ શકાય તો તેનાથી રૂડું કશું જ નથી. નહીં તો માત્ર બહેનપણીઓનું ગ્રુપ બનાવો, યુવક મૈત્રી ગમે તેટલી સારી હોય તોય નવરાત્રીમાં અંતર બનાવી રાખવું જ વધુ હિતાવહ છે. સાચા અને સારાં ગ્રુપમાં રહેવાનું, તમારાં ગ્રુપનાં સભ્યોની જાણકારી માતા-પિતાને ખાસ કરવી... પુરૂષમિત્ર સાથે એકલા રહેવાનો મોહ છોડી દેવો જરૂરી છે. મિત્રભાવે તમારો કોઇ ગેરલાભ ના લઇ જાય તે જોવું - સમજવું જરૂરી છે!!

માતા-પિતાએ પણ નવી પેઢી સાથે નિખાલસ બનીને ભયસ્થાનો સામે લાલબત્તી બતાવવી જરૂરી છે. સંતાનોનું ગ્રુપ જાણી તેમની વિશે એમને જણાવી દેવું. અવિશ્વાસ ખાતર નહીં પણ સલામતી ખાતર પણ યુવતીઓનાં માતા-પિતા એલર્ટ રહે તે વધુ જરૂરી છે. તમારી દીકરી ખુબ સારી છે, પણ પ્રલોભન આપી કે જાત-ભાતની વસ્તુથી આંજીને પટાવી જતાં યુવાનોની કમી નથી, પછીથી રાતાં પાણીએ રોવા કરતાં નવરાત્રીમાં ઉજાગરાં કરી આંખો રાતી કરવામાં કાંઇ નુકશાની નથી!!

**ચૂંટલો :**

નવરાત્રીએ યુવતીઓ માટે અનન્ય ઉત્સવનો પ્રસંગ બની રહે એ માટે પળભરમાં ઉન્માદ સામે ટકવાનું મનોબળ અને સાથે રહીને પણ દૂર રહેવાની આવડત કેળવી લેવી પડશે, બાકી તમારે માતાનાં ગરબે ઘૂમવું છે કે કલંકના કુંડાળામાં ફસાવું છે. એ તમારે જ નક્કી કરવાનું છે.